# ખેડબ્રહ્મા તાલુકાની રાધિવાડ પંચાયતમાં શૌચાલય જ નથી

## રાધિવાડ પંચાયતમાં દીવા તળે અંધારું જેવો ઘાટ

ખેડબ્રહ્મા તાલુકામા ગ્રામ પંચાયત મારફત નાગરિકો માટે શૌચાલય બનાવી રહી છે. શહેર વગાડી રહી છે.

ત્યારે પંચાયતના મકાનમાં જ શૌચાલય નથી. પંચાયતના મધુનગર અને રાધિવાડ કંપા ના લોકો વેરો ભરવા, દાખલો કઢાવવા સહિતના વિવિધ કામોએ આવતાં




તેમજ ગામડામાં રુપિયા બાર હજાર ની રકમખર્ચી ને શૌચાલયો બનાવી રહ્યા છે ખેડબ્રહ્મા તાલુકાના રાધિવાડ ગામમાં પંચાયતના મકાનમાં જ શૌચાલય નથી. ખેડબ્રહ્મ તાલુકાંની રાધિવાડ ગામની પંચાયત આખા ગામનો વહીવટ કરતી કચેરી છે તેના સદસ્યો ધ્વારા સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત અભિયાનનો ઢોલ સદસ્યો સ્વચ્છ ભારત મિશન ના બનાગા મારી રહયા છે અને રાધિવાડ ગામમાં ઘેર ઘેર શૌચાલય ઉભા કરાવી રહ્યા છે. જોકે આખા ગામના વિકાસનું બજેટ તૈયાર કરતી અને વહીવટ કરતી ગ્રામ પંચાયત ના સદસ્યો પોતાના કાર્યાલય પ્રત્ય જ ઉદાસીન જનાઈ રહયા છે. રાધિવાડ પંચાયતમાં રાધિવાડ, સવજીપૂરા કમ્પા, લોકો એટલે કે અરજદારોને કમસે કમ શૌચાલયની વ્યવસ્થા આપવામાં ગ્રામ પંચાયત નિષ્ફળ જઈ રહી છે.

પંચાયતના સદસ્યોને લાભ થતો હોય તેવા કામોમાં રસ હોય તેવું લોકો જનાવી રહયા છે. આ ઉપરાંત રાધિવાદના લોકોને પંચાયત પાયાની સુવિધા પન પુરી પાડી સકવામાં પાછી પડી રહી છે.

# પાલનપુરમાં દારૂ પીને વાહન ચલાવતા ઈસમ ઝડપાયો

પાલનપુરમાં દારૂ પીધેલી હાલતમાં વાહનો ચલાવતા વાહન ચાલકો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તેમાં પાલનપુર હનુમાન ટેકરી પાસે પોલીસના ચેકીંગ દરમ્યાન બોલેરો ગાડી લઈ પસાર થઈ રહેલા વાવ તાલુકાના અર્જુનપુરા ગામના ભમરદાસ સાધુને રોકાવી તપાસ કરતા પોલીસ તપાસ દરમ્યાન આ શખ્સ દારૂ પીધેલી હાલતમાં વાહન ચલાવતો હોવાનું જણાતા તેની સામે પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ મથકે ગુનો નોંધી તેની સામે પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ મથકે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ગઢમાં સમાધાન કરવા બાબતે માર માર્યો

પાલનપુર તાલુકાના ગઢમાં રહેતા ભગવતીબેન પટેલે ગઢ પોલીસ મથકે મનુભાઈ પટેલ, નરસિંહભાઈ પટેલ, હિતેશભાઈ પટેલ, જયેશભાઈ પટેલ (રહે.ઈકબાલગઢ) વાળાઓ સામે ગઢ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે કે આ ઈસમોએ કહેલ કે તમારા છોકરાએ તળશીભાઈને મારેલ છે તે બાબતે સમાધાન કરી લેજા તેમ કહી અપશબ્દો બોલી માથામાં ફેટો મારી ઈજાઓ કરી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હોવાની ફરીયાદ ગઢ પોલીસ મથકે નોંધાવતા પોલીસે તેમની ફરીયાદ આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ચિત્રાસણી નજીક ટેન્કરની ટક્કરે બાઈકચાલકનું મોત

પાલનપુર તાલુકાના ચિત્રાસણી નજીક નેશનલ હાઈવે પર એક સિમેન્ટના ટેન્કર ચાલકે પોતાનું ટેન્કર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી હુકમચંદભાઈ છગનલાલ પ્રજાપતિ (રહે. હમીરબાગ, પાલનપુર) વાળાના કાકાના દિકરાના બજાજ સીટી મોટર સાયકલને સામેથી આવી ધડાકાભેર ટક્કર મારી ઉછાળતા બાઈક ચાલકનું કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતુ. અકસ્માત સર્જી ટેન્કર મુકી ભાગી ગયેલ ટેન્કર ચાલક સામે હુકમચંદભાઈએ પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

# અરવલ્લી જિલ્લામાં ટેકાના ભાવે રાયડાની ખરીદી માટે એક જ કેન્દ્ર હોવાથી ખેડૂતોમાં રોષ

મોડાસા, તા. ૯

ટેકાના ભાવે રાયડાના વેચાણ માટે અરવલ્લી જિલ્લામાં



ખેડૂતોનો મોટી સંખ્યામાં પહોંચી રહ્યા છે. જો કે જિલ્લામાં એક માત્ર કેન્દ્ર હોવાથી ખેડૂતોએ દૂર દૂરથી આવવું પડે છે. ખેડૂતના જણાવ્યા અનુસાર મોડાસા ખાતે એક માત્ર ખરીદ કેન્દ્ર હોવાથી તેઓએ મેઘરજ તેમજ ભિલોડાથી આવવું પડી રહ્યું છે જેથી સમય અને નાણાનો વેડફાટ થઈ રહ્યો છે. ખેડૂતોએ જીલ્લાના અન્ય તાલુકા મથકે પણ ટેકાના ભાવે રાયડાની ખરીદી માટે અન્ય તાલુકા મથકે પણ ખરીદ કેન્દ્ર શરુ કરવામાં આવેની માંગ ખેડૂતોમાં પ્રબળ બની છે.

અરવલ્લી જિલ્લામાં રાયડાની ખરીદી માટે જિલ્લાનું મોડાસા એકમાત્ર ખરીદ કેન્દ્ર છે, ટેકાના ભાવે રાયડાના વેચાણ માટે અંદાજે ૩૧૦ જેટલા ખેડૂતોએ ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે નોંધણી કરાવી છે, જેમાં ૨૦૦ ખેડૂતોને મેસેજ મારફતે જાણ કરાઈ હતી અને અત્યાર સુધીમાં ૨૦૦ જેટલા ખેડૂતોએ રાયડાનું વેચાણ કરતા ખરીદ કેન્દ્રમાં ૩૭૧૫ બોરી રાયડાની ખરીદી કરી છે.

મેઘરજ તાલુકામાં ગત વર્ષે ઓછો વરસાદ હોવાથી મેઘરજ તાલુકામાં ભર શિયાળે વાત્રક નદીમાં પાણી સુકાવા લાગ્યુ હતુ. ત્યારે તળાવો અને ચેકડેમોમાં તો



પાણી ભરાયુ જ ન હતુ જેથી તાલુકાના ખેડુતોએ શિયાળુ પાકમાં રાયડો અને ચણાનુ વાવેતર કર્યુ હતુ જે ઓછા પાણીથી પણ પાક મળી રહે. જે બાબતને ધ્યાને લઈ ગુજરાત સરકારે રાયડો અને ચણાને ટેકાના ભાવે ખરીદવા ખેડુતો પાસે રજીસ્ટેશન કરાવ્યા ચણાની ખરીદી મેઘરજ તાલુકા કક્ષાએથી શરૂ થઈ ગઈ છે પરંતુ રાયડા માટે ફક્ત મોડાસાથી ૭ કીમી દૂર લીંભોઈ ખાતે હોવાથી રાયડાની ટેકાના ભાવે વેચાણ કરવા માંગતા ખેડૂતોએ મહામુસીબતે રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ વેચાણ માટે મેઘરજ તાલુકાના ખેડૂતો મેસેજની ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે, પરંતુ ટેકાના ભાવે ખરીદ કેન્દ્ર પર ધીમી ખરીદી થતા ખેડૂતોમાં ભારે રોષ વ્યાપ્યો છે. લગ્ન સીઝન ચાલતી હોવાથી ખેડૂતો મજબૂરીવશ ખુલ્લા બજારમાં રાયડો વેચવા મજબુર બન્યા છે.

# બનાસકાંઠા ધાણધાર વણકર સમાજનો સમૂહલગ્ન યોજાયો

પાલનપુર, તા. ૯

બનાસકાંઠા ધાન્ધાર વણકર સમાજનો ૧૭મો સમૂહ લગ્ન રામપુરા ચોકડી પાસે યોજાયો હતો. જેમાં ૧૯ નવદંપતીઓએ પ્રભુતામાં શોભાયમાન કરવામાં આવ્યો હતો. સમાજના આગેવાનો જેમાં ભારત સરકારના ડિરેકટર દૂધાભાઈ પરમાર કાળુભાઈ પરમાર (તલાટી) પ્રહલાદભાઈ પરમાર સુભાષભાઈ પરમાર, પિતામ્બરભાઈ પરમાર, હીરાભાઈ પરમાર, કરશનભાઈ ચાવડા, સુરેશભાઈ પરમાર, ચંન્દ્રકાન્તભાઈ પરમાર, હર્ષદભાઈ પરમાર, રાજેશ પરમાર, હરેશભાઈ



પગલાં પાડ્યા હતા. આ પ્રસંગે સમૂહ લગ્નના કાર્યક્રમના અધ્યક્ષ વડગામના પૂર્વ ગુજરાત વણકર સમાજના પ્રમુખ અને વડગામના પૂર્વ ધારાસભ્ય મણીભાઈ વાઘેલા મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. આર્થિક વિકાસ નિગમના ગુજરાત રાજ્યના પૂર્વ ચેરમેન રમેશભાઈ સોલંકી સમૂહ લગ્ન સમિતિના પ્રમુખ બી. રાઠોડ ઉપપ્રમુખ જયેશ પરમાર તેમજ ભોજનના દાતા ખુશાલભાઈ પરમાર અને વિવિધ ચીજવસ્તુઓ દાતાઓ દ્વારા સમૂહલગ્ન સોનેરી ડૉ. વી.આર. ડાભી નાથાભાઈ મકવાણા અમરાભાઈ પરમાર અમરતલાલ ડાભી હેમાભાઈ લાખડોદા રઘુભાઈ પરમાર, ડૉ. દિપકભાઈ પ્રણામી અમૃતભાઈ પરમાર નટુભાઈ ડાભી દેવજીભાઈ પરમાર બીજા નામી અનામી આવવાનો પણ જોડાયા હતા. સમૂહ લગ્નના હોદ્દેદારો તેમજ કારોબારી સભ્યો પણ જોડાયા હતા. જેમાં વશરામભાઈ નગરીયા મણિલાલ સોલંકી અશ્વિનભાઈ પરમાર, અમૃતલાલ પરમાર, વીરાભાઈ પરમાર, અમરતલાલ પરમાર, અંબાલાલ પરમાર, કીરીટભાઈ સોલંકી, સુરેશભાઈ અંકુયા, જતિનભાઈ લાલપરા, ગૌતમભાઈ ઈલોળીયા તેમજ સમુહલગ્ન સમિતિના તમામ સભ્યો તેમજ સમાજમાં ચાલતા વિવિધ પ્રકારના સેવાભાવી સંગઠનો સમુહલગ્નોત્સવમાં રંગેચંગે સેવાઓ પુરી પાડી અને સમુહલગ્નોત્સવ સફળ બનાવ્યો હતો. જેમાં સમુહ લગ્નની સમિતીના પ્રમુખ પી. બી. રાઠોડ તેમજ ઉપપ્રમુખ જયેશ પરમાર દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

# ધાનેરા તાલુકાના દેઢા ગામે સ્મશાન બાબતના પ્રશ્નોમાં લોકોની રાડ

ધાનેરા તાલુકાના દેઢા ગામે મુખ્ય ગામમાં અનેક પ્રશ્નો છે જેમાં લોકોના હિત માટે અનેક પ્રશ્નો અટવાયેલા જોવા મળી રહ્યા છે જેમાંનો એક પ્રશ્ન ગામના સ્મશાન બાબતનો છે સ્મશાન ની જગ્યામાં બાવળો મોટા પ્રમાણમાં ઊભા છે જેના કારણે ગામના મૃતકને અગ્નિ સંસ્કાર કરવામાં ખૂબ જ મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે સ્મશાનની જગ્યામાં બાવળોના જૂંડ મોટા પ્રમાણમાં ઊભા છે જેથી મૃતકને અગ્નિ સંસ્કાર ક્યાં કરવો તે મોટો પ્રશ્ન ઉભો થયો છે આ બાબતે સરપંચને ગામનાં લોકોએ વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ પણ બાબતને ધ્યાનમાં લેવામાં આવતી નથી આ બાવળો કાપવામાં આવે તો જગ્યામાં અગ્નિ સંસ્કાર પણ થઈ શકે છે અને હાલ બાવળના ઝૂંડમાં અગ્નિ સંસ્કાર કરવામાં આવે તો મોટી હોનારત સર્જાય તેવી શક્યતાઓ રહેલી છે તો આ બાબતે સરપંચ શ્રી તાકીદે સ્મશાનની જગ્યામાં બાવળોને કાપવામાં આવે તો ભવિષ્યમાં મૃતક દેહને અગ્નિસંસ્કાર કરવામાં કોઈ તકલીફ પડે નહીં આવા પુણ્યના કામમાં પણ સરપંચ ઢીલી નીતિ અપનાવી રહ્યાં છે તાકીદે સ્થળ પર બાવળો કાપવામાં આવે એવી લોકોની માંગ છે.

# અરવલ્લી જિલ્લાના જી.એસ.એફ.સી સેન્ટરો પર ખાતર કૌભાંડ બહાર આવ્યુ

મોડાસા, તા. ૯

ગુજરાતમાં ભ્રષ્ટાચાર અને કૌભાંડ ભાજપ સરકારનો પીછો છોડતી નથી ખુદ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પણ જાહેરમાં ભ્રષ્ટાચાર થતો હોવાનું સ્વીકાર્યું છે. મગફળી કાંડ, તુવેરકાંડમાં કૌભાંડ પછી સમગ્ર રાજ્યમાં અને અરવલ્લી જીલ્લામાં ખાતરના ડેપોમાંથી ખાતરની થેલીમાં ઓછા વજનનું કૌભાંડ બહાર આવતા ખેડૂતોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. મોડાસા અને માલપુર તાલુકાના જી.એસ.એફ.સી. સેન્ટરો પર પણ ૫૦ કિલોની ખાતરની થેલીમાં ૫૦૦ ગ્રામ અને સરદાર ડી.એ.પી. ખાતરની થેલીમાં ૬૨૦ ગ્રામ ઓછું વજન હોવાનું બહાર આવતા આવનારા દિવસોમાં કરોડો રૂપિયાનું ખાતર કૌભાંડ બહાર આવે તો નવાઈ નહિ.

અરવલ્લી જીલ્લામાં આવેલ મોડાસા અને માલપુર તાલુકાના જી.એસ.એફ.સી. સેન્ટરો પર ખાતરની થેલીઓના જથ્થામાં પણ




૫૦ કિલોએ ૫૦૦ ગ્રામથી લઈ ૬૨૦ ગ્રામનો જથ્થો ઓછો નીકળતા ખેડૂતોમાં પણ છેતરાયા હોવાની લાગણી અનુભવી હતી.

# ભિલોડા આર. જે. તન્ના પ્રેરણા મંદિરમાં હેન્ડબોલ સમર કેમ્પનો શુભારંભ



ભિલોડા,તા.૯

ભિલોડા અર્બુદા સેવા સંઘ સંચાલિત માતૃશ્રી આર.જે.તન્ના પ્રેરણા મંદિર વિદ્યાલયમાં સ્પોર્ટસ ઓથોરીટીઝ ઓફ ગુજરાત ધ્વારા હેન્ડબોલ સમર કેમ્પનો શુભારંભ યોજાયો હતો. માતૃશ્રી આર. જે. તન્ના પ્રેરણા મંદિર વિદ્યાલયના ૩૦ વિદ્યાર્થીઓએ હેન્ડબોલ સમર કેમ્પમાં ભાગ લીધો હતો.

# સિધ્ધપુર ડેપોના કર્મચારીનો વય નિવૃતિ સન્માન સમારોહ કહોડા ખાતે યોજાયો

વડગામ, તા. ૯

સિધ્ધપુર ડેપો માં બસના ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા અરવિંદભાઈ પટેલનો સન્માન બી.એમ.એસ. પ્રતિનિધિ પપ્પુભાઈ પટેલ તથા મુકુલભાઈ કટારિયા તેમજ અન્ય કર્મચારીઓએ ફૂલહાર અને



સમારોહ યોજાયો હતો. અરવિદભાઈ પટેલ ના વતન કહોડા ખાતે આ નિવૃતિ સન્માન સમારોહ રાખવામાં આવ્યો હતો જેમા મોટી સંખ્યામાં કર્મચારીઓ હાજર રહ્યા હતા.

સિધ્ધપુર ડેપોના શાલથી અરવિંદભાઈ પટેલનુ સન્માન કર્યુ હતુ તેમજ તેમનુ આગામી નિવૃત જીવન આરોગ્યમય સુખકારક પ્રગતિકારક વિતે તેવી તમામ કર્મચારીઓએ તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

# અરવલ્લી જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં જળ સંકટના પગલે પ્રભારી સચિવ દોડી આવ્યા

મોડાસા, તા. ૯

અરવલ્લી જીલ્લાના જળાશયોમાં પર્યાપ્ત પાણીનો જથ્થો હોવા છતાં અંતરિયાળ વિસ્તારોમાં અરવલ્લી જીલ્લાના ભિલોડા તેમજ મેઘરજ તાલુકાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા ગંભીર જાદવની અધ્યક્ષતામાં યોજાએલી બેઠકમાં જિલ્લા કલેક્ટર એમ. નાગરાજન, ડીડીઓ હર્ષિત ગોસાવી સહિત પાણી પુરવઠા,



પાણીની સમસ્યાથી પ્રજાજનો પીડાઈ રહ્યા છે. પીવાના પાણીના બેડા માટે મહિલાઓએ બે થી ત્રણ કિલોમીટર માટે રઝળપાટ કરવો પડી રહ્યો છે. જીલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં પાણીની સમસ્યાને લઈ ઉચ્ચસ્તરીય બેઠકોનો ધમધમાટ તેજ થયો છે. મોડાસા ખાતે જીલ્લા પ્રભારી સચિવ આર.એમ. જાદવ અધ્યક્ષસ્થાને જીલ્લા કલેકટર કચેરી ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજી પાણીની સમસ્યા નિવારણ માટે આયોજન કરવામાં આવ્યું હતું. બની છે ત્યારે સમસ્યાઓને હલ કરવા માટે અરવલ્લી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા બેઠકોનો દોર શરૂ થયો છે.

જિલ્લામાં પીવાના પાણી માટે જળાશયોમાં પૂરતો જથ્થો છે, તો પાણી કેમ નથી મળતું તેને લઈને હવે તંત્ર સજ્જ થયું છે અને પીવાના પાણીની સમસ્યાઓને હલ કરવા ઉચ્ચસ્તરિય બેઠક યોજી રહ્યું છે. અરવલ્લી જીલ્લા સેવાસદન ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી જેમાં પ્રભારી સચિવ આર.એમ. સિંચાઈ તેમજ વાસ્મોના અધિકારીઓ ઉપસ્તિત રહ્યા હતા. બેઠકમાં પીવાના પાણીની સમસ્યાને લઈને ચર્ચા કરાઈ હતી. આ સાથે જ જે વિસ્તારોમાં પાણી નથી ત્યાં હેન્ડપંપ તાત્કાલિક ધોરણે ચાલુ કરવા સહિતના નિર્દેશ કરાયા હતા. આ સાથે જ પીવાના પાણીના આઠસો જેટલા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. જિલ્લામાં બંધ હેન્ડપંપ ચાલુ કરવા દસ જેટલી ટીમ કામે લાગી હોવાનું પ્રભારી સચિવે જણાવ્યું હતું.

# ભિલોડા કોટેજ હોસ્પિટલમાં મિનરલ ઠંડા પાણીની પરબનો શુભારંભ

ભિલોડા,તા.૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાંથી કોટેજ હોસ્પિટલમાં દર્દીઓનો ભારે ઘસારો રહેતો હોય છે. દર્દીઓ અને સગાં-સબંધીઓને ઉનાળાની ઋતુ દરમ્યાન અસહ્ય કાળઝાળ ગરમીમાં પીવાના પાણીની તકલીફ ન પડે તેવા આશયથી મિનરલ ઠંડા પાણીની પરબનો શુભારંભ કરાતાં દર્દીઓમાં આનંદની લાગણી પ્રસરી છે. ભારત વિકાસ પરીષદ,ભિલોડા શાખા ધ્વારા મિનરલ ઠંડા પાણીની પરબનો શુભારંભ કર્યો હતો. મિનરલ ઠંડા પાણીની પરબના રોજીંદા દાતા લલીતાબેન જીવરામ મહેતા (ભિલોડા-મુંબઈ) ધ્વારા મિનરલ પીવાના ઠંડા પાણીની પરબનો શુભારંભ કર્યોછે. મિનરલ ઠંડા પીવાના પાણીની પરબના ઉદ્‌ઘાટન પ્રસંગે ભારત વિકાસ પરીષદ,ભિલોડા શાખા પ્રમુખ મુકેશભાઈ પંચાલ, મંત્રી ચંદ્રકાંતભાઈ પટેલ, ઉપપ્રમુખ રામઅવતાર શર્મા, કાંતીલાલ પટેલ, હર્ષદભાઈ સોની, નરેશભાઈ પંચાલ, ભરતભાઈ પ્રજાપતિ, સંજયભાઈ પંચાલ, જયંતીભાઈ શર્મા, મુકેશભાઈ મહેતા, ભારત વિકાસ પરીષદ,ભિલોડા શાખાના હોદ્દેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# બનાસકાંઠા જિલ્લામાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૭૫.૪૪ ટકા પરિણામ

## પરિણામ જાહેર થતાં વિદ્યાર્થીઓમાં કહી ખુશી કહી ગમનો માહોલ જોવા મળ્યો

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનુ પરિણામ જાહેર થતાં વિદ્યાર્થીઓમાં કહી ખુશી કહી ગમનો માહોલ જોવા મળ્યો હતો. જેમાં બનાસકાંઠા જિલ્લાનું ૭૫.૪૪ ટકા પરિણામ નોંધાવા પામ્યું છે.

રાજ્યના શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં જ ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષા યોજાઈ હતી. જેમાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આજે તારીખ ૯ મે ના રોજ જાહેર કરવામાં આવ્યું હતું.જેમાં પરિણામ જોવા માટે સવારથી જ વિદ્યાર્થીઓ મોબાઈલ, લેપટોપ અને કમ્પ્યૂટર આગળ ગોઠવાઈ ગયા હતાં. જો કે પરિણામ જોયા બાદ કેટલાક વિદ્યાર્થીઓમાં ખુશી તો કેટલાક વિદ્યાર્થીઓ ગમમાં ડૂબી ગયા હતા. બનાસકાંઠા જિલ્લામાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૭૫.૪૪ ટકા નોંધાયુ છે. જ્યારે કેન્દ્ર વાઈઝ જોવા જઈએ તો ડીસા ૬૬.૩૬ ટકા, ધાનેરા ૭૮.૧૩ ટકા, પાલનપુર ૭૮.૩૨ ટકા અને થરાદ ૬૫.૫૩ ટકા જાહેર કરવામા આવ્યું છે. આમ બોર્ડની પરીક્ષા બાદ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓમાં પરિણામ જાણવા માટે તાલાવેલી હતી જેનો આજે અંત આવ્યો હતો.

# ખેડબ્રહ્મામાં ચેક રિટર્ન કેસમાં કોર્ટે એક વર્ષની સજા ફટકારી

ખેડબ્રહ્મા ની એડિશનલ ચીફ જ્યૂડી. મેજીસ્ટ્રેટે હાથ ઉછીના આપેલ પૈસા ની અવેજમાં ચેક આપી ખાતામાં પૂરતું ભાંડોર ન રાખતા ચેક રિતન થતા કોર્ટ આરોપીને એક વરસની સજા ફટકારી હતી.

ખેડબ્રહ્મા શહેરના વિનય કુમાર જયંતીલાલ મહેતા ઝેરોક્સ અને કોમ્પ્યુટર જોબ વર્કનું કામ કરે છે અને પોશીના ના ભરતભાઈ રતીલાલ જોશી નીરજા ગ્રુપના નામે જુદીજુદી પ્રોડકટ બનાવે છે તેઓ અવાર નવાર ખેડબ્રહ્મા આવતા ત્યારે વિનયભાઈ જોડે બેસતાં અને તેથી મિત્રતાના સબંધો કેળવાયાએલ તે અરસામાં વિનયભાઈએ નવીન ઝેરોક્સ મશીન લાવવામાં માટે બેન્કમાંથી બચત ઉપાડી અને બીજા પૈસા ભેગા કરી રાખે, અને તેમને મશીન ન લાવવાનું થતા ભરતભાઈ એ જણાવેલ કે મારે અંગત કામ માટે પૈસા મને હાથ ઉછીના આપો જેથી વિનાયભાઈને તે સમયે મશીન ન લાવવાનું હોઈ રૂ. ૩ લાખ ભરતભાઈને હાથ ઉછીના આપેલ તેની અવેજ મા ભરતભાઈએ એક ચેક આપેલ અને. વિશ્વાસ આપેલ કે. પાકતી તરીકે બેંકમાં રાજુ કરશો તો નાણા માલી જશે.

જેથી વિનાયભાઈએ પાકતી તારીખે ચેક બેંકમાં રાજુ કરેલ અને ભરતભાઈના ખાતામાં ચેકમાં લખેલ રકમ જેટલું ભાંડોર ન હોઈ ચેક સ્વીકારાયેલ ન હતો જેથી ચેક વગર સ્વીકારાયે. પરત આવેલ જેથી વિનયભાઈ મહેતાએ ખેડબ્રહ્મા કોર્ટમાં ફરિયાદ કરતા કોર્ટે ફરિયાદીના વકીલ રાજેન્દ્રસિંહ ચૌહાણની દલીલો ગ્રાહ્ય રાખી ભરતભાઈ જોશીને ધ નેગોશિયબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ મુજબ એક વર્ષની સાદી સજા અને ૫૦૦૦ નો દંડ અને દંડ ન ભરેં તો ૧૫ દિવસની વધુ સાદી સજા ફતકારી હતી સજા ફટકારતા ખેડબ્રહ્મામાં ચેક પર પૈસા લાઈ પરત ન કરતાં ઈસમોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.